તિરુપતિ લાડુ વિવાદ: સમિતિની તપાસ પર રોક લગાવવાની અરજી સુપ્રીમે ફગાવી

આ સમિતિ સુપ્રીમ દ્વારા અગાઉ રચવામાં આવેલી SITના અહેવાલની સમીક્ષા કરી રહી છે

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે તિરુમાલા લડ્ડુ વિવાદમાં મહત્વનો નિર્ણય લેતા આંધ્રપ્રદેશ સરકાર દ્વારા નિયુક્ત એક સભ્યની સમિતિ પર રોક લગાવવાનો ઇનકાર કર્યો છે. આ સમિતિ સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ રચવામાં આવેલી સ્વતંત્ર સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ના અહેવાલની સમીક્ષા કરી રહી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચે સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકારની આ વહીવટી તપાસ ક્રિમિનલ તપાસમાં કોઈ દખલગીરી કરતી નથી.

ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કોર્ટમાં દલીલ કરી હતી કે રાજ્ય સરકારની આ સમિતિ એસઆઈટીની તપાસને પ્રભાવિત કરી શકે છે અને આ એક સમાંતર તપાસ જેવું છે. જોકે, કોર્ટે આ દલીલ ફગાવી દેતા નોંધ્યું હતું કે એસઆઈટીની તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને કોર્ટમાં બે ચાર્જશીટ પણ દાખલ થઈ ચૂકી છે. તુષાર મહેતાએ સમજાવ્યું હતું કે એસઆઈટીને તપાસ દરમિયાન કેટલીક વહીવટી ખામીઓ જોવા મળી હતી, જે ગુનાહિત બાબતો સાથે જોડાયેલી નથી.

જમ્મુ-કાશ્મીરમાં જેઈએમના 'ઇઝરાયેલ ગ્રુપ'નો સફાયો : અધિકારીઓ

જમ્મુ, તા. 23 (PTI): ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (જમ્મુ ઝોન) ભીમ સેન તુતીએ સોમવારે જણાવ્યું હતું કે, એક સંયુક્ત ઓપરેશનમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના સાત સભ્યોના આતંકી મોડ્યુલને ખતમ કરી દીધું છે, જેને 'ઇઝરાયેલ ગ્રુપ' તરીકે ઓળખવામાં આવતું હતું. આ સાથે જ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ પટ્ટામાં દોઢ વર્ષથી ચાલી રહેલા ઓપરેશનનો અંત આવ્યો છે. રવિવારે કિશ્તવાડ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં તેના સ્વયંભૂ કમાન્ડર સૈફુલ્લાહ સહિત મોડ્યુલના ત્રણ સભ્યો માર્યા ગયા હતા. આઈજીપીએ જણાવ્યું હતું કે, ''સાત જેઈએમ આતંકવાદીઓના આ જૂથે એપ્રિલ 2024માં ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી.

મમતાના શાસન હેઠળ બંગાળની સ્થિતિથી 'હૃદય ભગ્ન' થયું છે : મોદીનો પત્ર

બંગાળીમાં લખેલા પત્રમાં મોદીએ 'વિકસિત બંગાળ' માટે પરિવર્તન લાવવા જનતાને હાકલ કરી

પીએમ આટલા ચિંતિત હોય તો બંગાળના વિકાસ માટેના ભંડોળ કેમ રોકી રાખ્યા છે: ટીએમસી

કોલકાતા, તા. 23 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળી ભાષામાં એક ખુલ્લા પત્રમાં કહ્યું છે કે મમતા બેનર્જીના શાસનમાં રાજ્યના તમામ નાગરિકો જે છેતરપિંડી અને વેદના સહન કરી રહ્યા છે તેનાથી તેમનું 'હૃદય ભગ્ન' થઈ ગયું છે. તેમણે 'વિકસિત પશ્ચિમ બંગાળ' બનાવવાનો સંકલ્પ લેતા કહ્યું કે બંગાળમાં રાજકીય પરિવર્તન હવે અનિવાર્ય છે.

'જય માં કાલી'ના નારા સાથે શરૂ થયેલા પત્રમાં તેમણે ભ્રષ્ટાચાર, તુષ્ટિકરણ, ઘૂસણખોરી અને મહિલાઓની અસુરક્ષા જેવા મુદ્દે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સરકાર પર આકરા પ્રહાર કર્યા છે.

વડા પ્રધાને વિવેકાનંદ, ટાગોર અને સુભાષચંદ્ર બોઝ જેવા મહાપુરુષોને યાદ કરતા અફસોસ વ્યક્ત કર્યો કે આજે બંગાળમાં નકલી મતદારોનું શાસન છે અને યુવાનો રોજગાર માટે સ્થળાંતર કરી રહ્યા છે. તેમણે સીએએ દ્વારા શરણાર્થીઓને નાગરિકતા આપવાનું અને ઘૂસણખોરી રોકવાનું વચન આપ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે અન્ય રાજ્યોમાં આયુષ્માન ભારત જેવી યોજનાઓથી ગરીબોના જીવનમાં સુધારો આવ્યો છે અને બંગાળને પણ વિકાસની આ મુખ્યધારામાં જોડવું જોઈએ.

ટીએમસી પ્રવક્તા કુણાલ ઘોષે આ પત્રને 'ચૂંટણીલક્ષી નાટક' ગણાવ્યું છે. તેમણે સવાલ કર્યો કે જો પીએમ આટલા ચિંતિત હોય તો તેમણે બંગાળના વિકાસ માટેના રૂ. 1.96 લાખ કરોડના ભંડોળ કેમ રોકી રાખ્યા છે? કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ પણ પત્રના સમય પર સવાલ ઉઠાવતા કહ્યું કે પીએમને ચૂંટણી સમયે જ બંગાળ કેમ યાદ આવે છે?

ભાજપ આ પત્રને 'ગૃહ સંપર્ક અભિયાન' દ્વારા દરેક ઘર સુધી પહોંચાડશે.

મુસ્લિમ મહિલા પાસેથી ધાબળો પરત લેતા માજી ભાજપ સાંસદ વિવાદમાં

રાજસ્થાનમાં સાંસદે એક મુસ્લિમ મહિલાને તેનું નામ અને ધર્મ પૂછ્યા બાદ આ કૃત્ય કર્યું હતું

કોંગ્રેસે આને અમાનવીય ગણાવી આકરી ટીકા કરી

જયપુર, તા. 23 (પીટીઆઈ): રાજસ્થાનના ટોંકમાં એક કાર્યક્રમ દરમિયાન એક મુસ્લિમ મહિલાને તેના ધર્મની ઓળખ પૂછ્યા પછી તેનો ધાબળો પાછો લેવા બદલ ભાજપના ભૂતપૂર્વ સાંસદ સુખબીર સિંહ જૌનપુરિયા ભારે વિવાદમાં ફસાયા હતા. આ બનાવનો એક વીડિયો પણ સામે આવ્યો હતો જેમાં નિવાઈ તહસીલના કરેડા ગામમાં એક મંદિર પરિસરમાં આયોજિત આ કાર્યક્રમમાં જૌનપુરિયા કથિત રીતે એક મુસ્લિમ મહિલા પાસેથી ધાબળો પરત લેતા દેખાયા હતા. આ ઘટના રવિવારે બની હતી જ્યારે પૂર્વ સાંસદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 28 ફેબ્રુઆરીની અજમેર મુલાકાત માટે લોકોને આમંત્રણ આપવા ગયા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોમાં જૌનપુરિયા કથિત રીતે એવું કહેતા સંભળાય છે કે જે લોકો વડા પ્રધાન મોદીને ગાળો આપે છે તેમને આ ધાબળો લેવાનો કોઈ અધિકાર નથી.

જમીન સંપાદનના 2018 પહેલાના કેસો વળતર માટે ફરી નહીં ખુલે : સુપ્રીમ

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) દ્વારા સંપાદિત કરવામાં આવેલી જમીનના વળતર અંગે મહત્વનું અવલોકન કર્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની વિશેષ બેન્ચે કહ્યું હતું કે, 2018 પહેલા જમીન ગુમાવનારા ખેડૂતોને વ્યાજ સાથે વળતર આપવા માટે જૂના કેસો ફરીથી ખોલી શકાય નહીં. આ વિવાદ 2019ના સુપ્રીમ કોર્ટના એક ચુકાદાથી શરૂ થયો હતો, જેમાં કોર્ટે ઠેરવ્યું હતું કે ખેડૂતોને વ્યાજ સાથે વળતર આપવાનો નિર્ણય પૂર્વવર્તી અસરથી લાગુ થશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે જો આ ચુકાદો ભૂતકાળના તમામ કેસો પર લાગુ કરવામાં આવે, તો સરકારી તિજોરી પર અંદાજે 32000 કરોડ રૂપિયાનો મોટો આર્થિક બોજ પડશે.

ટ્રમ્પના ટેરિફ સામે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી શેરબજારોને ખાસ અસર નહીં

વિશ્વના અનેક દેશો હવે ટ્રમ્પના આગામી પગલા પર મીટ માંડી રહ્યા છે પણ વિશ્વના અનેક શેરબજારોમાં આનાથી કોઇ મોટી ઉઠાપટક થઇ નથી

બેંગકોક, તા. 23 (AP) - અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ચીન અને દક્ષિણ કોરિયા જેવા દેશો વોશિંગટનના આગામી પગલાં પર નજર રાખી રહ્યા છે, જ્યારે નાણાકીય બજારોએ આ સમાચારને સામાન્ય ગણાવ્યા છે.

શુક્રવારે જાહેર કરાયેલા આ નિર્ણયથી, એપ્રિલ 2025માં ટ્રમ્પ દ્વારા ડઝનબંધ દેશો પર લાદવામાં આવેલા વ્યાપક ટેરિફ બાદ હાથ ધરાયેલી વેપાર વાટાઘાટોમાં કરવામાં આવેલી વ્યવસ્થાઓ ખોરવાઈ શકે છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે તે 'ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ' (IEEPA) હેઠળ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ વિરુદ્ધના ચુકાદાનું વ્યાપક મૂલ્યાંકન કરી રહ્યું છે. મંત્રાલયના એક અનામી પ્રવક્તાએ નિવેદનમાં જણાવ્યું હતું કે, ચીન અમેરિકાને વિનંતી કરે છે કે તે તેના વેપારી ભાગીદારો પર લાદવામાં આવેલા એકપક્ષીય ટેરિફ હટાવી લે.

સુપ્રીમ કોર્ટના નિર્ણયના જવાબમાં ટ્રમ્પે વૈકલ્પિક કાયદા, 1974ના ટ્રેડ એક્ટની કલમ 122 હેઠળ નવો 10% વૈશ્વિક ટેરિફ સૂચવ્યો હતો અને પાછળથી તેને વધારીને 15% કર્યો હતો. ચીન અને એશિયાના અન્ય કેટલાક દેશો કે જેમના પર નિકાસ માટે ઊંચી આયાત જકાત લાદવામાં આવી હતી, તેમને કદાચ થોડી રાહત મળી શકે છે. પરંતુ જાપાન, યુનાઇટેડ કિંગડમ અને અન્ય યુએસ સાથી દેશો માટે ટેરિફ વધી શકે છે.

આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડમાં વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, ૪મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નાઈ-600031.
ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળની નોટિસ

નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોને આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડમાં વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત લોન મેળવી હતી. નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોની લોન તેમની સંબંધિત મિલકતોના ગીરો દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને ખાતું અનિયમિત હોવાથી, તેમની લોનને RBIની માર્ગદર્શિકા મુજબ NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને તેમના દ્વારા ચૂકવવાપાત્ર રકમ નીચેના કોષ્ટકમાં વિગતવાર વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ દર્શાવેલ છે અને તે રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે સંબંધિત તારીખોથી કરારના દર મુજબ લેવામાં આવશે.

અ. નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેવાદાર અને સહ-દેવાદારના નામ	કલમ 13 (2) નોટિસની તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	166868172	લોન એગેન્સ્ટ પ્રોપર્ટી	દેવીલાલ ભુરાલાલ ગડરી ઇન્દ્રા બાઈ ગડરી	18.02.2026	INR 16,41,887.30/-

મિલકતનું સરનામું: પ્લોટ નં. 629 ધરાવતી એક સ્થાવર મિલકત, જેનું ક્ષેત્રફળ 72 યોરસ વાર એટલે કે 60.20 ચોરસ મીટર (K.J.P. બ્લોક નં. 88/b/629 મુજબ જેનું ક્ષેત્રફળ 60.11 ચોરસ મીટર છે), જે "સાઈ દીપ રેસીડેન્સી"ની જમીનમાં 39.42 ચોરસ મીટર અવિભાજિત હિસ્સા સાથે, બ્લોક નં. 88/B (બ્લોક નં. 88 પૈકી 101, 102) ખાતે સ્થિત છે, જેનું ક્ષેત્રફળ છે. આરે. 5-21-72 ચોરસ મીટર છે, મોજે ગામ જોળવા, તા: પલસાણા, જી: સુરત, 394310 અને જેની સીમાઓ આ મુજબ છે: પૂર્વમાં: પ્લોટ નં. 612, પશ્ચિમમાં: સોસાયટીનો આંતરિક રસ્તો, ઉત્તરમાં: પ્લોટ નં. 630, દક્ષિણમાં: પ્લોટ નં. 628.

આથી તમને આદેશ આપવામાં આવે છે કે, ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની રકમ, તેના પરના કરારબદ્ધ વ્યાજ દર સાથે સંબંધિત તારીખોથી અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સહિત, આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડમાં વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ચૂકવી દેવી. જો આમ કરવામાં નિષ્ફળ જશો, તો નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડમાં વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને લેણી રકમની વસૂલાત કરવા માટે અહીં ઉપર જણાવેલ ગીરો મિલકતો વિરુદ્ધ સરફેસી એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં, ઉક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ તમને સદર સુરક્ષિત અસ્કયામતો વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સહી/- અધિકૃત અધિકારી
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડમાં વિલીનીકરણ થયું છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
તારીખ: 24.02.2026
સ્થળ: સુરત

બેંક ઑફ ઇન્ડિયા Bank of India BOI
નવાગામ કેસીઆર શાખા : ધરમ એમ્પાયર, બ્લોક નં.૧૦૬/બી, ધરમ સિનેમા કંપાઉન્ડ,કામરેજ બસ સ્ટેન્ડ સામે, નવાગામ, તા. કામરેજ, જી.સુરત–૩૯૪૧૫ ફોન : ૦૨૬૨૧: ૨૫૧૮૩૫, ૨૫૦૮૩
Email : NKcharrasta.surat@bankofindia.co.in

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા** ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના (રૂલ ૮) સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૩.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને **દેવાદારો/ગીરવેદારો શ્રી મહેશભાઈ ગણેશભાઈ ખટના અને શ્રીમતી સોનલબેન મહેશભાઈ ખટના** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૬,૦૨,૬૩૪.૬૬/– (અંકે રૂા. છવ્વીસ લાખ બે હજાર છસો ચોત્રીસ અને છાસઠ પૈસા પુરા) તા.૧૩.૧૧.૨૦૨૫** ના રોજના તેના ઉપરના વધારાનું વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદારો/ગીરવેદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/ગીરવેદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) આ ધારાના ન રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૨૧ મી ફેબ્રુઆરી ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.
ખાસ દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા** ની રકમ **રૂા.૨૬,૦૨,૬૩૪.૬૬/– (અંકે રૂા. છવ્વીસ લાખ બે હજાર છસો ચોત્રીસ અને છાસઠ પૈસા પુરા) તા.૧૩.૧૧.૨૦૨૫** ના રોજના તેના ઉપરના વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.
દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો સ્થાયી મિલકત કે જે 'હંસ રેસિડેન્સી, સતાધર હાઉસીંગ સોસાયટી' ખાતે આવેલ સોસાયટી નો પ્લોટ નં.૦૨ માપ ૬૪.૯૪ ચો. મીટર, વણવહેચાયેલ હિસ્સા માપ ૧૩.૦૦ ચો.મી રોડ, સી.એ.પી. જમીન રે.સ.નં. ૩૪, બ્લોક નં. ૫૧, એફપી નં. ૪૧, એકત્રીકરણ પછી નવો રીવાઈઝડ બ્લોક નં. ૬૩, ગામ. વાવ, તા. કામરેજ, જી. સુરત – ૩૯૪૧૮૦ ખાતે **શ્રી મહેશભાઈ ગણેશભાઈ ખટના** નામે આવેલ છે. **જેની ચતુર્દિશા : ઉત્તર તરફ :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં.૧૯, **પૂર્વ તરફ :** જોડેનો પ્લોટ નં. ૦૩, **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં.૦૧ આવેલ છે.

તા. ૨૧/૦૨/૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત બેંક ઓફ ઈન્ડિયા, નવાગામ કેસીઆર શાખા.

યૂનિયન બૅંક Union Bank of India — **કબજા નોટીસ [રૂલ ૮(૧)]**
ઉધના દરવાજા મેઈન શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, લે–ગ્રાન્ડ બિલ્ડીંગ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત– ૩૯૫૦૦૨ સંપર્ક નં. +૯૧ ૮૩૫૮૦૧૮૫૨
Email : ubin0901857@unionbankofindia.bank

નીચે સહી કરનાર **યુનિયન બેંક ઓફ ઈન્ડિયા,** સુરત ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭/૧૦/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **(૧) મેસર્સ નેહલ જેમ્સ, એક ભાગીદારપેઢી (દેવાદાર), (૨) શ્રી જીતેન્દ્રભાઈ ભીમજીભાઈ ધોડારા (ભાગીદાર અને જામીનદાર) (૩) શ્રીમતી રેખાબેન જીતેન્દ્રભાઈ ધોડારા (ભાગીદાર અને જામીનદાર) (૪) શ્રી રાહુલ જીતુભાઈ ધોડારા (ભાગીદાર અને જામીનદાર) (૫) શ્રીમતી તૃષ્ણા રાહુલ ધોડારા ઉર્ફે તૃષ્ણા નરોત્તમ મીસ્ત્રી (ભાગીદાર અને જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૬,૪૦,૫૧,૦૬૬.૬૧ (અંકે રૂા. છ કરોડ ચાલીસ લાખ એકાવન હજાર છાસઠ અને એકસઠ પૈસા પુરા)** વ્યાજ, ચાર્જીસ, કોસ્ટ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદાર/જામીનદાર/ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૧મી ફેબ્રુઆરી, સન ૨૦૨૬ ના રોજ** આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,** ની રકમ **રૂા.૨૫,૯૨,૮૭૦.૪૪** + અન્ય ચાર્જીસ અને તેના ઉપરનુ વ્યાજ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત વચનામૃત રેસીડન્સી પૈકી 'ડી– ટાઈપ' પૈકી 'આઈ' બ્લોક "શ્રી હરી એપાર્ટમેન્ટ" પૈકી ૬ઠ્ઠો માળ નો ફ્લેટ નં. આઈ– ૬૦૫, માપ ૧૦૯.૯૪ ચો.મીટર અને વરડે માપ 10.00 ચો.મીટર જમીન રેવન્યુ સર્વે નં.૨૮૮/૧ માપ ૨૭૪૦ ચો.મીટર અને રેવન્યુ સર્વે નં. ૨૮૮/૨ માપ ૪૭૦૦ ચો.મીટર કુલ માપ ૭૪૪૦ ચો.મીટર મોજે ગામ. ઝાડેશ્વર, તા. અને જી. ભરૂચ, ખાતે **શ્રી પટેલ જયદીપકુમાર વાલજીભાઈ અને શ્રીમતી રૂપીતા રાજેન્દ્ર માણેક** ની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** ફ્લેટ નં. આઈ/૬૦૪, **પશ્ચિમ તરફ :** ફ્લેટ નં. આઈ/૬૦૬, **ઉત્તર તરફ :** ફ્લેટ નં. આઈ/૬૦૨, **દક્ષિણ તરફ :** આંતરીક રોડ કબ્જા હાઉસ અને ગાર્ડન આવેલ છે.

તા.૨૧.૦૨.૨૦૨૬ । સ્થળ : ભરૂચ અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, શ્રીધર સોસાયટી શાખા.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
ખાંડ બજાર શાખા : વરાછા પોલીસ સ્ટેશન સામે, વરાછા રોડ, સુરત. ફોન નં.(૦૨૬૧) ૨૫૪૪૫૮૫
E-Mail Id : khasur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, ૧. શ્રી શૈલેષકુમાર ધિરૂભાઈ પરમાર
સરનામું : એ–૨/૧૦૪, સ્ટાર ધામ રેસીડન્સી, પાસોદરા પાટીયા નજીક, કામરેજ, નવાગામ, સુરત, ગુજરાત– ૩૯૪૧૮૫.
૨. શ્રી અશોકભાઈ લક્ષ્મનભાઈ પરમાર :
સરનામું : ૨૪૫, શુભ નંદિની રેસીડન્સી–૨, ડુંગરા રોડ, કામરેજ, સ્વસ્તીક સોસાયટી, સુરત– ૩૯૪૩૨૬

મહેરબાનશ્રી,
વિષય : શ્રી નરેશભાઈ શીવજીભાઈ બારૈયા, અને શ્રીમતી આશાબેન નરેશભાઈ બારૈયા ને લોન ખાતા નં. ૦૭૩૯૦૬૦૦૦૦૨૨૨૦ અને ૦૭૩૯૦૬૦૦૦૦૨૨૮૭ લીધેલ કેડીટ સુવિધાઓમાં તમારી જામીનગીરી અંગે

૧. તમને ખબર છે તે પ્રમાણે **તારીખ ૨૩.૦૮.૨૦૧૯** ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી નરેશભાઈ શીવજીભાઈ બારૈયા, અને શ્રીમતી આશાબેન નરેશભાઈ બારૈયા ને લોન ખાતા નં. ૦૭૩૯૦૬૦૦૦૦૨૨૨૦ અને ૦૭૩૯૦૬૦૦૦૦૨૨૮૭** ની પાસેથી **રૂા.૯૦,૦૦૦૦/–** તેના ઉપરના વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.
૨. તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી **તા.૦૬.૦૨.૨૦૨૬** સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને લોન/ક્રેડિટની બાકી રકમ **+ રૂા.૮,૮૭,૭૦૬.૬૮ (અંકે રૂપીયા આઠ લાખ સત્યાંશી હજાર સાતસો છ અને અડસઠ પૈસા પુરા) + વધારા નું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૦૬.૦૨.૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ). ૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી. ૪. અમે આગળ જણાવીએ છીએ કે,